# ફ્લિપકાર્ટ સમગ્ર ભારતના પૂરવઠા ચેઇન વિસ્તરણની સાથે ભારતમાં તહેવારનો ઉત્સાહ લાવશે

- વિસ્તરણથી ટીયર-ટુ શહેરોમાં અને તેનાથી પણ આગળની હાજરી મજબુત બનાવશે લગભગ 3000 સુવિધાની સાથે છેવાડાના ગામ સુધી પહોંચશે
- માળખાકિય વિસ્તરણ હવે, નવા જીવનનિર્વાહની તકોને સપોર્ટ કરશે અને એમએસએમઇસમાં, વેચાણકર્તા અને કલાકારોને બજારથી નજીક લાવવામાં મદદ કરશે

બેગ્લુરુ- ઓક્ટોબર 7મી 2020*:* કરોડો નવા અને હાલના ગ્રાહકોની આગામી ઓનલાઈન વધતી જતી જરૂરિયાતને પૂરી પાડવા માટે અને લાખો એમએસએમઈસ, વેચાણકર્તા, કલાકારો અને કિરાણાઓને સહકાર આપવા માટે, ફ્લિપકાર્ટ ભારતની પોતાની ઇ-કોમર્સ માર્કેટપ્લેસએ સમગ્ર દેશમાં તેના પૂરવઠા વિતરણ ચેઇનને નોંધપાત્ર રીતે વિસ્તરીત કરી છે. આ વિશાળ માળખાકીય રોકાણનો હેતુ, તહેવારોની સિઝન અને બિગ બિલિયન ડેઝ (બીબીડી) પહેલા ભારતના ગ્રાહકોના ઘર સુધી તહેવારોનો ઉમંગ લાવવાની છે. આ પ્રક્રિયાના ભાગરૂપે, સમગ્ર દેશમાં 3000થી વધુ સુવિધાની સાથે છેવટના વિસ્તારો સુધી વ્યાપ વધાર્યો છે, જેનાથી તેઓ તહેવારોના સમય દરમિયાન ગ્રાહકોને ઝડપી અને શ્રેષ્ઠ ઇ-કોમર્સ અનુભવ પૂરો પાડી શકે. આ વિસ્તરણથી લાખો વેચાણકર્તા, એમએસએમઈસ અને કલાકારોને લાભ મળશે, જેઓ ફ્લિપકાર્ટ પૂરવઠા ચેઈન દ્વારા સમગ્ર ભારતના ગ્રાહકોની સાથે નાના ગામડાઓથી જોડાશે.

સમગ્ર રીતે જોઈએ તો, ફ્લિપકાર્ટે 3.4 મિલિયન સ્કેર ફીટ સ્પેસ સમગ્ર પૂરવઠા ચેઇન મિલકતમાં ઉમરી છે, જેમાં સમગ્ર દેશમાં ફુલફિલમેન્ટ સેન્ટર્સ, મધર હબ્સ અને ડિલિવરી સેન્ટર્સનો સમાવેશ થાય છે. આ મોટી સંખ્યામાં ફુલફિલમેન્ટ સેન્ટર્સએ દરેક 5 લાખ સ્ક્વેર ફીટનું એક વિસ્તાર જેટલું ધરાવે છે, જે વેચાણકર્તા અને ખરીદકર્તાની વચ્ચે માલસમાનની અડચણરહિત ફેરબદલની ખાતરી આપે છે. આ ફૂલફિલમેન્ટ સેન્ટર્સમાં તેની સાથે મધર હબ્સ કે સોર્ટેશન સેન્ટર્સ અને ડિલિવરી સેન્ટર્સ પણ છે, જે સમગ્ર દેશમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીમાં મોટેપાયે ફાળો આપે છે. આ ઉમેરા સાથે, ફ્લિપકાર્ટ માટે કુલ વેરહાઉસ સ્પેસએ હવે ભાગીદાર બ્રાન્ડની લાખો ચોરસ ફૂટ સંપતિની સાથે વધારાના 18 મિલિયન ચોરસ ફૂટ જેટલી છે. આનાથી સમગ્ર દેશના 50,000થી વધુ કિરાણાને

ઓનબોર્ડિંગ મજબુતી મળી છે, જે તહેવારોની સિઝન દરમિયાન મોટી સંખ્યામાં શિપમેન્ટને ચડાવવામાં મદદ કરે છે.

અમિતેશ ઝા, સિનિયર વાઇસ- પ્રેસિડેન્ટ, ઇકાર્ટ અને માર્કેટપ્લેસ, ફ્લિપકાર્ટ જણાવે છે, "ફ્લિપકાર્ટએ હંમેશા ગ્રાહકોને ઓનલાઈન લાવવા માટે પ્રતિબદ્ધ રહ્યું છે, જેનાથી ઇ-કોમર્સના ફાયદાના ન્યાયપૂર્ણ વિતરણની ખાતરી થાય. આ રોગચાળાએ ખાસ તો, નાના શહેરોમાં ઇ-કોમર્સ સેવાઓની વધતી જતી માંગને લીધે સમગ્ર દેશમાં અમારા પૂરવઠા ચેઈનના વિસ્તરણને વેગ આપ્યો છે. આ ઉપરાંત આગામી કેટલાક વર્ષો સુધી ઇ-કોમર્સના વિકાસને ધ્યાને રાખીને, આ વિસ્તરણ લાખો વેચાણકર્તા અને કલાકારોની સાતે ઝડપી અને નોંધપાત્ર રીતે અમારા સમગ્ર દેશના કરોડો ગ્રાહકો સુધી જોડવામાં અમને મદદ કરશે. તહેવારોની સિઝન દરમિયાન આ વધારાની સ્પેસ અને માળખાકિય રોકાણ પણ એવા લોકો જે લોકડાઉન દરમિયાન તેમના ઘરે પાછા ફર્યા છે,  તેમને સ્થાનિક રોજગારીને વેગ આપશે અને સ્થાનિક બિઝનેસ માટે પણ તક ઉભી કરશે કે જેમનાથી તેઓ ફ્લિપકાર્ટની સાથે તેમની કામગારીમાં નોંધપાત્ર સુધારો લાવી શકે."

આ પૂરવઠા ચેઇન મિલ્કતનું નેટવર્કનું વિસ્તરણએ નાના શહેરોના કરોડો નવા ગ્રાહકોને સેવા પૂરી પાડવા માટે મહત્વનું છે, જેઓ ઇ-કોમર્સના મૂલ્ય અને સરળતાનો અનુભવ કરવા માટે ઓનલાઈન આવ્યા છે. આ ઉપરાંત તે મેટ્રોમાં ફ્લિપકાર્ટની હાજરીને મજબુત કરવામાં મદદ કરી રહ્યા છે, સાથોસાથ ટીયર-ટુ, થ્રી શહેરો અને તેનાથી પણ આગળ જેમ કે, લદ્દાખ, બિશનપુર (મણિપુર) અને દિમાપુર (નાગાલેન્ડ)થી પણ આગળ છે, જ્યાં હજારો સ્થાનિક નોકરીની તકો ઉભી કરી છે. આ તહેવારોની સિઝનમાં, ફ્લિપકાર્ટએ લગભગ 70,000 પ્રત્યક્ષ અને લાખો પરોક્ષ નોકરીની તકો તેના સમગ્ર દેશના પૂરવઠા ચેઇન દ્વારા ઉભી કરી છે.

કોવિડ-19 પ્રેરિત રોગચાળાએ ગ્રાહકોની ખરીદીની પેટર્નમાં ખૂબ જ બદલાવ લાવ્યો છે અને તેને વેચઆણકર્તાને તેની સમગ્ર પ્રોડક્ટ શ્રેણીને ઓનલાઈન પ્લેટફોર્મ પર બદલાવવા માટે વેગ આપ્યો છે, કારણકે તેઓ તેમના જીવનમાં ઇ-કોમર્સના રોલને એક વેગ આપતો જોઈ રહ્યા છે. ગ્રોસરીથી લઈને ગ્રુમિંગ પ્રોડક્ટ્સ જેવી જરૂરિયાતથી લઈને, ડબલ્યુએફએચ ફર્નિચરથી હોમ અપ્લાઈન્સીસ સુધી, ઇકોમર્સએ સમગ્ર દેશના ગ્રાહકો અ વેચાણકર્તાઓ માટે એક સંપૂર્ણપણે યોગ્ય પસંદગી બની રહ્યું છે. રોગચાળા પહેલા મેટ્રોએ મોટા પાયે આ ટ્રેન્ડને સ્વિકાર્યો હતો, ત્યારે રોગચાળાને લીધે, ટીયર-ટુ અને ટીયર-થ્રી માર્કેટમાં પણ ઇકોમર્સ પર ગ્રાહકો અને વેચાણકર્તાઓને ફેરવવામાં વેગ મળ્યો છે.

તહેવારોની સિઝન પહેલા આ પ્રાંતોમાં ફ્લિપકાર્ટના પૂરવઠા ચેઇનનું વિસ્તરણએ ગ્રાહકો, વેચાણકર્તા, કલાકારો અને અન્ય ઇકોસિસ્ટમ ભાગીદારો માટે એક વિન-વિન પરિસ્થિતિ ઉભી કરી છે.

પૂરવઠા ચેઇનના વિસ્તરણની સાથે, ફ્લિપકાર્ટ દ્વારા આગામી તહેવારની સિઝન અને બિગ બિલિયન ડેઝની સાથે મોટેપાયે રોજગારી ઉભી કરવામાં આવી છે. ફ્લિપકાર્ટની પૂરવઠા ચેઇનમાં મહિલાઓની વ્યાપક પણે સામેલ થતા ઇ-કોમર્સને વધુ વેગ મળ્યો છે.

**About the Flipkart Group**

The Flipkart Group is one of India's leading digital commerce entities and includes group companies Flipkart, Myntra, and PhonePe. Started in 2007, Flipkart has enabled millions of consumers, sellers, merchants and small businesses to be a part of India's e-commerce revolution, with a registered customer base of over 250 million, offering over 150 million products across 80+ categories. Our efforts to democratize e-commerce in India, drive access and affordability, delight customers, create lakhs of jobs in the ecosystem and empower generations of entrepreneurs and MSMEs has inspired us to innovate on many industry firsts. The recent launch of Flipkart Wholesale, our new digital marketplace, is a testament to our commitment to accelerate the growth of kiranas and MSMEs in India. Flipkart is known for pioneering services such as Cash on Delivery, No Cost EMI and easy returns – customer-centric innovations that have made online shopping more accessible and affordable for millions of Indians. Together with Myntra, which holds a prominent position in the online fashion market, PhonePe, India's fastest growing digital payments platform, and now Flipkart Wholesale, the Flipkart Group will continue to steer the transformation of commerce in India through technology.

**For more information, please contact media@flipkart.com**